# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.03/૧૦/૨૦૧૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983

Re-Accredited Grade "A" by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની ઓક્ટોબર માસની સામાન્ય સભા તા.03/૧૦/૨૦૧૬ ને સોમવારના રોજ બપોરના ૧૨:00 કલાકે, સિન્ડિકેટ મીટીંગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ-કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | ---- ખાલી ---- |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૭. | પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડૉ. રમેશભાઈ ડી. વાઘાણી | ગેરહાજર |
| ૧૦. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૧. | શ્રી પ્રશાંતભાઈ બી. ચ્હાવાલા | હાજર |
| ૧૨. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૩. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૪. | શ્રી નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૫. | શ્રી પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |
| ૧૬. | ડૉ. વર્ષાબેન પી. છીછીયા | હાજર |
| ૧૭. | શ્રી અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૮. | ડૉ. મનીષ મહેતા | હાજર |
| ૧૯. | શ્રી જે. પી. જેસ્વાની | હાજર |
| ૨૦. | ડૉ. અમિતભાઈ આર. હપાણી | હાજર |

સભાની શરૂઆતમાં પરમ પૂજ્ય બ્રહ્મલીનશ્રી પ્રમુખ સ્વામી મહારાજનું દુઃખદ અવસાન થતાં અને કાશ્મીરમાં આવેલા ઉરી ખાતે થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલ ભારત દેશના ૧૮ જવાનોની સ્મૃતિમાં સર્વે સભ્યશ્રીઓએ ૨ મિનિટનું મૌન રાખી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

૧ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૭/૦૭/૨૦૧૬ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૭/૦૭/૨૦૧૬ની મીનીટ્સ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

૨ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૧૫/૦૭/૨૦૧૬ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૫/૦૭/૨૦૧૬ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

3 સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૭/૦૭/૨૦૧૬ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૭/૦૭/૨૦૧૬ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે.)**

૪ એકેડેમિક — ઈન્ડિયન મેડીકલ સાઈનટીફીક રીસર્ચ ફાઉન્ડેશનના ઉપક્રમે ચાલતી "લાઈફ" સંસ્થા રાજકોટ દ્વારા થેલેસેમિયાના સ્પેશ્યલ ટેસ્ટ અંગે મળેલ દરખાસ્ત પરત્વે સિન્ડિકેટની તા.૧૫/03/૨૦૧૬ની સભાના કામકાજ ક્રમાંક "૧3" થી નિયુક્ત થેલેસેમિયા ટેસ્ટ અંગેની કમિટીની એક સભા તા.૨3/૦૯/૨૦૧૬ના રોજ મળેલ જેની નીચે મુજબની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક વર્ષ૨૦૧૬-૧૭ થી ગોલ્ડન જ્યુબીલી યર ઉજવી રહેલ છે અને તેથી રાજ્ય સરકારશ્રીના આરોગ્ય અને તબીબી સેવાઓ (ત.વી.)ના

કમિશ્નરશ્રીના પત્રાંક ગ-૨ થેલેસેમિયા/જાગરૂકતા/૧૫, તા.૦૧/૧૨/૨૦૧૫થી વ્યક્ત થયેલ "હવે પછીની પેઢીમાં થેલેસેમિયા મેજર બાળકનો જન્મન થાય તેમજ ભાવી પેઢી થેલેસેમિયા મેજરથી મુક્ત બની શકે અને સ્વસ્થ રાષ્ટ્ર નિર્માણનું સ્વપ્ન સાકાર થઈ શકે" તે દ્રષ્ટીએ યુનિવર્સિટીના સ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરાવાની જોગવાઈ કે જે યુનિવર્સિટીના ૨૦૧૨ના અભ્યાસક્રમો અંગેનો ઓર્ડીનન્સ O.Gen Com :-8 વિગેરે વિધ્યાશાખામાં દાખલ કરેલ છે તેનો ફરજીયાત પણે અમલ કરવા સિન્ડિકેટને ભલામણ કરાવી.

૨. ઉપરોક્ત લાઈફ સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ પ્રપોજલમાં થેલેસેમિયા ટેસ્ટનો ખર્ચ ₹૩૦૦/- દર્શાવેલ છે. પરંતુ સંસ્થાને માસ અવેરનેશ એન્ડ સ્કીનીંગ ઓફ સ્ટુડન્ટ માટે ₹૭૫/- નો ખાસ ડિસ્કાઉન્ટ આપવા સંમતિ આપેલ છે. તેથી દરેક વિદ્યાર્થી દીઠ ખરેખર ખર્ચની રકમ ₹૨૨૫/- નિયત કરવા સિન્ડિકેટને ભલામણ કરાવી ઉપરોક્ત સ્પેશ્યલ કોસ્ટ ટેસ્ટની ચૂકવવા પાત્ર રકમ ₹૨૨૫/-માંથી વિદ્યાર્થી દીઠ ₹૧૦૦/- ની રકમ યુનિવર્સિટી પોતાના ફંડમાંથી ચૂકવે અને ₹૧૨૫/- ની રકમ જે તે કોલેજે ચુકવવાની રહે જે રકમ હવે પછીના ચાલુ વર્ષના બીજા સેમેસ્ટરની કોલેજો દ્વારા વસુલ લેવામાં આવનાર અન્ય ફી ઉપરાંત થેલેસેમિયા ટેસ્ટ ફી **₹૪૫/-** તરીકે વસુલ કરી શકાશે અને આ રીતે ત્રણ વર્ષમાં આ રક્મ કોલેજને પરત મળી શકે તેવી જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. ઉપરોક્ત ટેસ્ટ HPLC (High performance Liquid Chromatography) (ગોલ્ડ સ્ટાન્ડર્ડ મેથડ) દ્વારા અને દરેક વિદ્યાર્થીના Individual Heamoglobin Fractations ના Graph સાથેના પ્રિન્ટેડ રીપોર્ટ મળે તેજ રીતે તપાસ થાય અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બધી જ કોલેજોમાં સ્થળ પર જઈને બધા વિદ્યાર્થીઓના સેમ્પલ કલેક્શન કરીને Proper Identification સાથેની તપાસ થાય તે મુજબનો કરવાનો રહે કે જેથી સસ્તા ટેસ્ટને કારણે ઉભી થતી ફરીયાદો નિવારી શકાશે તેવી વિચારણા થયેલ.

૪. HPLC (High Performance Liquid Chromatography) (ગોલ્ડ સ્ટાન્ડર્ડ મેથડ) ચોકસાઈ પૂર્વક Individual Heamoglobin Fractions Graph સાથે સ્થળ પર જઈ વિદ્યાર્થીના સેમ્પલ કલેક્શન કરી Proper Identification સાથે અન્ય સંસ્થા દ્વારા પણ આ જ ભાવથી ટેસ્ટ કરી આપવા માટે રસ દાખવવામાં આવે તો તેવી સંસ્થાઓને પણ મંજૂરી આપવા ભલામણ છે.

૫. ઉપરોક્ત બાબતોની સિન્ડિકેટ દ્વારા વિચારણા થયા બાદ MOU કરવા માટેની સત્તા ઉપરોક્ત કમિટીને આપવા તથા થેલેસેમિયા કમિટીમાં તબીબી વિદ્યાશાખાના ડીનશ્રી ડૉ. કમલભાઈ ડોડીયાનું નામ નોંધવા નિર્ણય કરવામાં આવેલ.

**આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા.૧૫/૦૩/૨૦૧૬ની સભાનાં ઠરાવ ક્રમાંક ૧૩ થી નીમવામાં આવેલી કમિટિ દ્વારા આપવામાં આવેલ અહેવાલ ધ્યાને લઈ HPLC (High Performance Liquid Chomatography) (ગોલ્ડ સ્ટાન્ડર્ડ મેથડ) દ્વારા અને દરેક વિદ્યાર્થીના Individual Heamoglobin Fractions Graph સાથેના પ્રિન્ટેડ રીપોર્ટ મળે તે રીતે તપાસ કરવી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બધી જ કોલેજોમાં સ્થળ પર જઈને બધા વિદ્યાર્થીઓના સેમ્પલ કલેક્શન કરી Proper Identification સાથેની તપાસ થાય તે મુજબ થેલેસેમિયા ટેસ્ટ કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સ્નાતક કક્ષાના તમામ વિદ્યાશાખાના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ કરવા માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની રેડક્રોસ સંસ્થા દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના ઉપર્યુક્ત દર્શાવેલ પદ્ધતિથી અને તે શરતો અનુસાર થેલેસેમિયા ટેસ્ટ રૂ.૧૫૦/-માં કરવા સંમતિ આપેલ અને તે અંગેની વિગતો રેડક્રોસ સોસાયટીનાં પ્રતિનિધિ ડૉ. પટેલે રજૂ કરી હતી. તે અંગે વિચારણા કરી હતી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે HPLC (High Performance Liquid Chomatography) (ગોલ્ડ સ્ટાન્ડર્ડ મેથડ) ચોકસાઈ પૂર્વક Individual Heamoglobin Fractions Graph સાથે સ્થળ પર જઈ વિદ્યાર્થીઓના સેમ્પલ કલેક્શન કરી Proper Identification સાથે આ જ પદ્ધતિ અને શરતો મુજબ ટેસ્ટ કરાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત વિગતે યુનિવર્સિટીમાં નવા એનરોલ થયેલા તમામ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ કરાવવા અને ચાલુ શૈક્ષણિક વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૬-૧૭માં નવા એનરોલ થયેલા તમામ વિદ્યાર્થીઓનો ખર્ચ યુનિવર્સિટીનાં સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે ખાસ કિસ્સામાં યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે અને થેલેસેમિયા મુક્ત સૌરાષ્ટ્રની ઝુંબેશ ચલાવવામાં આવશે.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે થેલેસેમિયા ટેસ્ટના ખર્ચ માટે બાહ્ય સંસ્થાઓ, સરકારી એજન્સીઓ અને રાજ્ય સરકારશ્રીમાં પણ દરખાસ્ત કરવી.**

**આથી ઠરાવવામાં આવે છે કે ટેસ્ટ માટે જે ટેન્ડર પ્રક્રિયા કરવાની હોય તે Short-Tendr કરી ને તાત્કાલિક ધોરણે કરવી. બાહ્ય સંસ્થાઓ પાસેથી સહયોગ મેળવવો દરખાસ્ત કરવી અને જરૂર પડે તો યુનિવર્સિટીનાં વિધાર્થી વિકાસ ફંડ માંથી ખર્ચ ટેન્ડર પ્રક્રિયા કરી ને કરવાની મંજુરી આપવી**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે થેલેસેમિયા ટેસ્ટ ટેન્ડર પ્રક્રિયા વગર સીધા કોઈ પાર્ટી ને આપવા સામે ડૉ. ધરમભાઇ કાંબલીયા અને શ્રી હરદેવસિંહ જાડેજા દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવેલ.**

૫ જોડાણ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એક્ટ-૧૯૬૫, ૩૪ મુજબ જોડાણ અંગેની તમામ પ્રક્રિયા કરવામાં આવે છે. અધિનિયમ ૩૪ માં દર્શાવેલ પેટા કલમો મુજબ કોલેજના જોડાણ એ.સી./સિન્ડિકેટ દ્વારા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવાની ભલામણ મંજૂર થયા બાદ શરત પરિપાલન પૂર્ણ થયે જોડાણનાં જાહેરનામાં બહાર પાડવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે. રાજ્ય સરકારશ્રી દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ-૧૯૬૫, ૩૪ની પેટા કલમો ૪ અને ૫ મુજબ રાજ્ય સરકારશ્રી દ્વારા જાહેરનામાં બહાર પાડવામાં આવે છે તે મુજબની હાલ પ્રથા અમલમાં છે.

એક્ટ-૩૪ની પેટા કલમો ૪ અને ૫ મુજબ રાજ્ય સરકારશ્રીને જોડાણ જાહેરનામાં બહાર પાડવા ભલામણો કરવામાં આવે છે તે એક્ટ-૩૪ પેટા કલમો ૪ અને ૫માં રાજ્ય સરકારશ્રીનાં બદલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જોડાણ જાહેરનામાં બહાર પાડવા સત્તા આપવા તે મુજબ સુધારો કરવા માન.રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એક્ટ-૧૯૬૫, ૩૪ મુજબ જોડાણ અંગેના જાહેરનામાં બહાર પાડવા એક્ટ-૩૪ની પેટા કલમો ૪ અને ૫ મુજબ રાજ્ય સરકારશ્રીનાં બદલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જોડાણ મંજૂર કરવા માટે સત્તા આપવા માટે એક્ટમાં સુધારો કરવા માન.રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

## મુક્ત ચર્ચા વિચારણા

૬ **આથી ઠરાવવામાં આવે છે કે દેશની સાંપ્રત પરિસ્થિતિમાં ચીન આપણાં દેશ વિરૂદ્ધ પાકિસ્તાનને મદદ કરી રહેલ છે તે ધ્યાને લઈ ચીન દ્વારા ઉત્પાદિત વસ્તુઓનો બહિષ્કાર કરવામાં આવે અને ચીની બનાવટની વસ્તુઓ ખરીદવામાં ન આવે તે માટે સ્ટુડન્ટ**

ડેવેલોપમેન્ટ પ્રોગ્રામ **(SDP)**નાં માધ્યમથી વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવી.

૭ આથી ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી.ને ૫ એકરથી ઓછી જમીન ધરાવતા ટ્રસ્ટ કે કોલેજને મંજૂરી આપવા માટે નિયમોમાં સુધારા કરવા માટે દરખાસ્ત કરવી.

૮ આથી ઠરાવવામાં આવે છે કે સ્કીલ ડેવલોપમેન્ટ સંબંધિત ડીપ્લોમા અભ્યાસક્રમ માટે ૫ એકર કરતાં ઓછી જમીન ધરાવતી સંસ્થાને મંજૂરી આપવા વિચારણા કરવી.

૯ આથી ઠરાવવામાં આવે છે કે યુવક મહોત્સવમાં ભાગ લેતા વિદ્યાર્થીઓ માટે ૧ સમયનું (બપોરનું) ભોજન આપવાની વ્યવસ્થા આગામી વર્ષથી કરવી.

૧૦ આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સુવર્ણ જયંતી નિમિત્તે આગામી ૧૨ જાન્યુઆરી ૨૦૧૭ના દિવસે સ્વામી વિવેકાનંદની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી થાય તે માટેની વ્યવસ્થા કરવી.

**અંતમાં અધ્યક્ષશ્રીનો આભારમાની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.**

નં.સિન્ડિકેટ/૬૫/૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૧૯/૧૦/૨૦૧૬

કુલસચિવ

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

<u>નકલ રવાના</u>::--

૧. માન.કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.